## જીઆઈડીસીમાં ઉપલબ્ધ હરાજીપાત્ર મિલકતોને જાહેર હરાજીથી વેચાણ કરવા બાબત.

- નિગમની ક્ષેત્રિય કચેરીઓ ધ્વારા વસાહતમાં ઉપલબ્ધ અને જાહેર હરાજી કરવાપાત્ર મિલકતોની હરાજી યોજવા અંગે બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં બે ગુજરાતી સમાચારપત્ર, એક અંગ્રેજી સમાચાર પત્ર અને એક સ્થાનિક રીતે પ્રકાશિત થતાં સમચારપત્રમાં જાહેરાત આપી રસ ધરાવતાં અરજદારો પાસેથી નિયત નમૂનામાં નિયત ફી સહ અરજીઓ મંગાવવામાં આવે છે.
- સામાન્ય રીતે નિગમ ધ્વારા વિવિધ વસાહતોમાં ઉપલબ્ધ ઔદ્યોગિક/વાણિજય પ્લોટ/શેડ/અન્ય મિલકતો **"જેમ છે તેમ"** ના ધોરણે જ અને **"જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં"** જ ફાળવણી કરવા અંગે હરાજીમાં ભાગ લેવા સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે.
- હરાજીમાં અરજી કરતા પહેલાં અરજદારે સંબંધિત મિલકતની સ્થળ મુલાકાત લઇ તેમજ મિલકતને લગત જરૂરી ચકાસણી કરી જાહેર હરાજીમાં ભાગ લે તે અપેક્ષિત છે, જે થયેથી હરાજી બાદ ઉદ્દભવતી કાયદાકીય કે અન્ય ગૂંચ નિવારી શકાય. હરાજીથી ફાળવેલ મિલકત સંબંધી અન્ય કોઇપણ પ્રકારની રજૂઆતોને હરાજી બાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.
- સમાચારપત્રમાં જણાવેલ સમયગાળા દરમ્યાન, રજાના દિવસો સિવાય સવારના ૧૧.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી (રિશેષ સિવાય) સંબંધિત પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરીએથી નિયત થયેલ અરજીપત્રક મેળવી લેવાના રહેશે.
- ત્યારબાદ જાહેરાતમાં નિયત કરેલ કચેરીના કામકાજના સમય દરમ્યાન અરજદારશ્રીએ અરજીપત્રક/ભાવપત્રક ભરેલી જે-તે કિંમતમાં ૨૫% EMD ડીમાન્ડ ડ્રાફટ ધ્વારા તેમજ નિયત કરેલ સ્કુટીની ફીનો ડીમાન્ડ ડ્રાફટ જમા કરાવવાનો રહેશે, જે નિયત સમયમર્યાદામાં ન મળ્યેથી અરજી રદબાતલ ગણાશે. આ બાબતે કોઇપણ પ્રકારની રજૂઆતને પાછળથી ધ્યાનમાં લેવામાં આવશે નહિ.
- અરજીપત્રક/ભાવપત્રકની સાથે જમા કરાવવાનું થતું નિયત બોલીઓ/શરતો ઉલ્લેખતાં બાંહેધરીખત રૂા.૧૦૦/- ના એડહેસીવ સ્ટેમ્પ લગાડી તેમાં ઉલ્લેખિત સંપૂર્ણ વિગતો ભરી રજૂ કરવાનું રહેશે.
- સમાચારપત્રમાં આપવામાં આવેલ જાહેરાતમાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે હરાજીમાં ભાગ લેવા અરજીપત્રક/ભાવપત્રકના અરજદારે તેઓના ઓળખપત્રસહ અચૂક હાજર રહેવાનું રહેશે.
- જે-તે મિલકતની નિગમ ધ્વારા નિયત કરેલ તળિયાની કિંમત ઉપરાંત તે મિલકત માટે અરજીપત્રક/ભાવપત્રક ખોલતા સમયે સૌથી વધારે કિંમત દર્શાવવામાં આવેલી હશે તે કિંમતને તળિયાની કિંમત તરીકે ગણી, ત્યારબાદ લાયક અરજદારો માંહોમાંહેની બોલી

બોલાવી, જે સૌથી વધારે બોલી બોલનારની આખરી બોલી ગણી, નિગમની વડી કચેરીએથી જરૂરી મંજૂરી મેળવ્યા બાદ મિલકતની ફાળવણી કરવામાં આવે છે.

- ફાળવણીપત્રની તારીખથી દિન-30 માં અરજદારશ્રી ધ્વારા અનામત પેટે જમા થયેલ ૨૫% રકમ બાદ કરતાં બાકી રહેતી તમામ રકમ એકીસાથે ડી.ડી.થી જમા કરાવાની રહેશે.
- હરાજી પ્રક્રિયામાં કોઇપણ રજૂઆત બાબતે કે હરાજી પ્રક્રિયા કોઇપણ તબક્કે મોકૂફ રાખવા/રદ્ કરવા અંગેની આખરી નિર્ણયની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને રહેશે.